

# અધ્યાત્મ અને સંસાર

## માધવ મલ્હાર

**તપન ત્રિવેદી**

અધ્યાત્મ અને સંસાર એકમેકનાં પૂરક છે. સંસાર અધ્યાત્મથી જ સરળ અને સુશોભિત બને છે. અનેક સંતોએ આધ્યાત્મિકતા અને નિજી ભક્તિથી પ્રભુપરાયણતા પ્રાપ્ત કરી. સાક્ષાત્કાર મેળવ્યો છતાં તેઓ સંસારના સમાજસુધારનાં કાર્યો કરે છે અને જીવનનું યથાતથ દર્શન કરાવે છે એ હકીકત માનવસમુદાય માટે ઘણી પ્રેરક અને નોંધપાત્ર છે.

અધ્યાત્મ, ભક્તિ અને સંસારની વાત કરીએ ત્યારે પ્રમુખસ્વામીનાં લોકકલ્યાણનાં કાર્યો યાદ આવ્યા વિના રહેતાં નથી. તેમનાં કાર્યોમાંનો એક પ્રસંગ અત્રે વાચકોની પ્રેરણા ખાતર રજૂ કર્યો છે.

એક વાર એક સજ્જન પોતાની દીકરીના લગ્નની કંકોતરી લઈને બાપા પાસે આશીર્વાદ લેવા આવ્યા. સજ્જને કહ્યું: ‘‘બાપા, આશીર્વાદ આપો. બંધુ સારી રીતે પતી જાય.’’ બાપાએ આશીર્વાદ આપી જે વાત કહી તે સમગ્ર સંસાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વશાંતિ માટે પણ પ્રેરક છે એમ મારું માનવું છે. બાપાએ પેલા સજ્જનને આશીર્વાદ આપી કહ્યું, ‘‘ભાઈ, તમારી દીકરીને કહેજો કે સાસરે ગયા પછી બે વર્ષ સુધી સૌની રહેણીકરણી, સ્વભાવ અને સૌના વિચારને માત્ર જોયા કરવાના. સાંભળવાના. કોઈને કશું જ કહેવાનું નહીં. બે વર્ષ સુધી સાસરામાં કોઈ પણ પ્રકારનાં કોઈ ને કોઈ જ સૂચનો કરવાનાં નહીં. તમામ સાથે તમામ પરિસ્થિતિમાં એડજસ્ટ થવાનો પ્રયત્ન કરવાનો. તમામને સમજવાનો પ્રયાસ કરવાનો. સાસુ-સસરા કંઈ પણ બોલે, કંઈ ખોટું પણ કહે તો પણ સામે કોઈ જ જવાબ આપવાનો નહીં. માત્ર સાંભળી લેવાનું. થોડો સમય વીત્યા પછી જે સાચું હોય તે વિનમ્ર ભાવે કહેવાનું. વારે વારે દીકરીઓએ પિયરમાં ફોન કરી મા સાથે વાત કરવાનો આગ્રહ રાખવો નહીં. એક સંશોધન એમ કહે છે કે, મોટે ભાગે જે દામ્પત્યવિચ્છેદ સર્જાય છે તેના મૂળ કારણમાં દીકરીની મા નો બહુ મોટો ફાળો હોય છે તેથી દીકરી સાસરે જાય પછી તેના ઘરની પરિસ્થિતિમાં, તેનાં સાસરિયાંઓ માટે માએ કોઈ જ સલાહ ન આપવી અને સાસરાના વાતાવરણમાં સાસરિયાઓના ભાવપ્રવાહમાં ભળી જવાનો પ્રયાસ કરવો તો જ સંસાર સુખી રહેશે’’.

પ્રમુખસ્વામી મહારાજની આ વાત હૃદયસોંસરવી લાગે છે. સંસારનાં પ્રત્યેક માતા-પિતા માટે, પ્રત્યેક બહેન-દીકરીઓ માટે જીવનમાં અપનાવવા જેવી સોનેરી સલાહ છે. બાપાની વાત વૈયક્તિકથી માંડી સમસ્ત માનવજાત માટે, સમસ્ત સંસાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વના ઉત્થાન માટે પણ આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ છે. આજે સમાજમાં ગૃહકલેશના બનાવો દિનપ્રતિદિન વધતા જ જાય છે, જેમાં ઘણી નજીવી બાબતો કારણભૂત બને છે. ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, સાસુ, સસરા, નણંદ, દેરાણી-જેઠાણી વચ્ચે ઘણી ક્ષુલ્લક બાબતોમાં વૈમનસ્ય સર્જાય છે. આવા વૈમનસ્ય, વિવાદ, વિષાદના નિવારણ માટે પ્રમુખસ્વામીની વાત અનુકરણીય છે. એવા અનુકરણથી વ્યક્તિ શાંત થશે, વ્યક્તિ શાંત હશે તો કુટુંબમાં સ્નેહ અને શાંતિ ફેલાશે. કુટુંબમાં સ્નેહ, શાંતિ હશે તો સમાજમાં, સમાજમાં હશે તો રાષ્ટ્રમાં અને રાષ્ટ્રમાં હશે તો સમસ્ત વિશ્વમાં શાંતિ ફેલાશે.

બાપાએ ઉપરોક્ત વાત દ્વારા વ્યક્તિમાં સ્નેહ, સદ્ભાવ અને શાંતિના અંકુરનું આરોપણ કર્યું છે. બાપાની સાવ સહજ અને સરળ લાગતી વાતનું ગહન ચિંતન-મનન કરીએ તો આવી અનેક અર્થછાયાઓ આપણને સમજાશે. સમજાશે તો પછી એનું આચરણ કરવામાં કોઈ અડચણ નડશે નહીં. એ રીતે આપણે ક્રમશઃ સ્નેહ, શાંતિ અને સદ્ભાવના વિરાટ પ્રવાહમાં આપણા થોડાક ભાવપ્રવાહનું સિંચન કરીશું તો તે આપણું પરમ સૌભાગ્ય હશે.

**આપણા સંસારમાં જે કંઈ વિષમતા છે, વૈમનસ્ય છે, વિષાદ છે તેવા સંજોગોમાં દ્વેષ, ઈર્ષ્યા, અહંકાર, લોભ, મોહથી લેપાયા વિના જીવનમાં થોડીક ઉપાસનાને સ્થાન આપવું જરૂરી છે**

સંસાર અને અધ્યાત્મ એકમેકનાં પૂરક છે. બાપાના કહેવા પ્રમાણે આપણે થોડુંક પણ આચરણ કરીશું તો આપણું જીવન અધ્યાત્મસભર ઉદાર, ઉદાત્ત અને ઊર્ધ્વગામી બનશે. કઈ રીતે? આપણા સંસારમાં જે કંઈ વિષમતા છે. વૈમનસ્ય છે. વિષાદ છે તેવા સંજોગોમાં દ્વેષ, ઈર્ષ્યા, અહંકાર, લોભ, મોહથી લેપાયા વિના જીવનમાં થોડીક ઉપાસનાને સ્થાન આપવું જરૂરી છે. આપણે સંત પાસે, ગુરુ પાસે આશીર્વાદ લઈએ છીએ પણ એ આશીર્વાદની સાથે સાથે તેમના આદેશોનો, આદર્શોનો અમલ કરીશું તો તેમના આશીર્વાદની સુખદ અનુભૂતિ થશે. સંસારના વૈમનસ્યને એ અંતર્યામીના ચરણ-શરણમાં ઠાલવીશું તો આપણી એ હૈયાવરાળ અંતર્યામી સુધી અવશ્ય પહોંચશે જ અને પછી માધવની કૃપાનો જે મલ્હાર વરસશે તેનાથી આપણે બધું જ વૈમનસ્ય ભૂલી જઈશું અને આપણો સંસાર અને અધ્યાત્મ સમાંતર ગતિએ આગળ વધશે. પણ એ માટે જરૂરી છે બાપાના અને તેમના જેવા અનેક સંતોનાં વચનને અનુસરવાની.

# જ્ઞાનનો અદ્ભુત ખજાનો

## ધર્મ મર્મ

**શ્રીજીવ વ્યાસ**

જેઠ અધિક પુરુષોત્તમ માસ ચાલી રહ્યો છે. આશ્રમો,મંદિરો, વાડીઓ વગેરે સ્થળોએ શ્રીમદ ભાગવત કથા, શ્રીરામચરિત માનસ, શ્રી પુરુષોત્તમ માસની કથાઓનો ભક્તો ‘અધિકસ્ય અધિકમ ફલમ્’ ની આશાએ યથાશક્તિ શ્રવણ કરવા સાથે તીર્થ સ્નાન, ધ્યાન,જપ,દાનનો લાભ ઉઠાવી રહ્યા છે. કથાકારો પોતાના જ્ઞાન અને અનુભવ ને આધારે ભક્તિ જ્ઞાનની અમૃતવાણીનું ભક્તોને રસપાન કરાવી રહ્યા છે. દરેક કથાકારને પોતાની આગવી શૈલી અને ભક્તો સાથે હળવા સવાલ જવાબ સાથે કથા કરતા હોવાથી તથા સંગીતમય કીર્તન ને કારણે તેમનો આગવો ચાહક વર્ગ હોય છે. શ્રીમદ ભાગવતના પ્રેમભક્તિ જ્ઞાન દ્વારા માનવ સહજ મર્યાદાઓ,દોષો દૂર કરવા વ્યવહારિક ઉદાહરણો આપી ભક્તોને પોતાનામાં રહેલા દોષો દૂર કરવા પ્રેરણા આપી રહ્યા છે. શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીમદ ભાગવત કથા વિશે અદભુત સમજૂતી આપી તેને ભક્તોમાં વધુ લોકપ્રિય બનાવ્યું વળી ઘણા યુવાન કથાકારો પણ હવે ભાગવત કથા માટે આગળ આવ્યા છે અને ભક્તોને કલ્યાણ માર્ગે, પ્રભુ પ્રાપ્તિ માટે પ્રેરણા આપી રહ્યા છે તે આનંદની વાત છે. શ્રીમદ ભાગવતનો મહિમા અને લોકપ્રિયતા પાછળ અનેક કારણો છે.જે શક્તિ પરમાત્મામાં છે તે જ શક્તિ ભાગવતમાં છે. ભાગવત નારાયણનું દિવ્ય સ્વરૂપ છે. પરમાત્માનું નામ સ્વરૂપ છે વળી તેમાં વ્યવહાર નો બોધ આપવામાં આવેલો છે. ભાગવત મરણને સુધારે છે, મરણનો ભય દૂર કરે છે. કથાકાર ઉત્તમપાત્રતા ધરાવતા હોય તો કથા ના શ્રવણ પછી ભક્તોમાં પ્રભુ પ્રત્યે પ્રેમ વધે,પાપ કરવાની ઈચ્છા ઘટે અને કરેલા પાપો માટે પસ્તાવો થાય.જીવન અને સ્વભાવ બંને સુધરે. ભાગવતમાં ભક્તિ તો છે જ પણ સાથે જ્ઞાન વિજ્ઞાનનો ખજાનો છે. ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણની લીલા જે પરમ આનંદ આપે છે તેથી કથાકાર વક્તાઓ અને ભક્તો પણ તેના પ્રત્યે વધુ અનુરાગ રાખે છે જે સ્વાભાવિક છે. ભાગવતમાં તે ઉપરાંત પણ અનેક વિષયોને શ્રી વ્યાસજીએ આવરી લીધા છે જેના થોડાક ઉદાહરણો.

**શ્રીમદ ભાગવત બધા પુરાણોમાં મુખ્ય સ્થાન ધરાવે છે અને એથી જ જીવનને મંગળ બનાવવા ઘણા ભક્તો શ્રીમદ ભાગવત નું નિત્ય પઠન- મનન કરે છે**

વેદમાં પણ ભાગવત કથા અંગેના મંત્રો છે. જેમાં મુખ્યત્વે ઋગ્વેદ સંહિતાના છે. ઉપરાંત અથર્વવેદ અને યજુર્વેદના પણ મંત્ર છે. ભાગવતના પાત્રો જેવા કે પરાશર,અમ્બરીશ, લોમેશ,વિશ્વામિત્ર, ગૌતમ,સહદેવ, લોપામુદ્રા,અત્રિ વગેરેનો ઉલ્લેખ છે.માનવ વંશની ઉત્ક્રાંતિ નું વિવરણ છે. સૂરદાસ,દયારામ જેવા ભક્ત કવિઓએ ભાગવતને લોકગીતોમાં વણી લીધા ના ઉદાહરણો છે.

ભાગવતમાં કેટલાક વિશેષ મંત્રો છે જેનો શ્રદ્ધાવાન ભક્તો પ્રયોગ કરી શકે છે.સ્કંધ 8/ 3 માં મૃત્યુભય નિવારણ નો મંત્ર છે.તો સ્કંધ 5/ 28/ 60 માં સંકલ્પ સિદ્ધિ પ્રયોગ છે. આદર્શ પત્નીની પ્રાપ્તિ માટે 5/ 28 માં મંત્રનો પ્રયોગ છે. પતિ- પત્ની વચ્ચે મત-ભેદ,વિયોગ દૂર કરવા,પુનઃમિલન માટે ‘ગોપીગીત’નો પ્રયોગ છે.ભાગવતમાં વિવિધ પ્રકારની ૮૦ જેટલી વનસ્પતિઓનો ઉલ્લેખ છે,જેના ઔષધીય ઉપયોગો પણ છે.ભાગવત સાંભળવાનો મહિમા અદભુત છે.બ્રહ્માજીએ સૃષ્ટિ રચના માટે સાંભળ્યું,તો નારદજીએ

ભક્તિ વિસ્તરણ માટે સાંભળ્યું,વ્યાસજીએ લોકકલ્યાણ માટે, શુકદેવજીએ ઈશ્વરીય જ્ઞાન પ્રાપ્તિ માટે,શૌનક વગેરે ઋષિઓએ જ્ઞાન યજ્ઞમાં સમય મળે ત્યારે કર્મપૂર્તિ માટે સાંભળ્યું. તો પરીક્ષિતે ઈશ્વર પ્રાપ્તિ માટે સાંભળ્યું અને આજે હજારો હજારો ભક્તો ભાગવત કથા સાંભળી ધન્ય થાય છે માટે શ્રીમદ ભાગવત બધા પુરાણોમાં મુખ્ય સ્થાન ધરાવે છે અને એથી જ જીવનને મંગળ બનાવવા ઘણા ભક્તો શ્રીમદ ભાગવત નું નિત્ય પઠન-મનન કરે છે.ભાગવત ચારેય વૈષ્ણવ સંપ્રદાયોના પ્રાણ રૂપ છે. શ્રીમદ ભાગવતની કથાના કથાકાર અને ભક્ત શ્રોતાની પાત્રતા અંગે પ્રથમ સ્કંધમાં જ ભારપૂર્વક કહેવાયું છે કે તે ઉત્તમાધિકાર મધ્યમાધિકાર અને હીનાધિકારના હોય છે. ટૂંકમાં કથા કરનાર અને શ્રવણ કરનાર માં ચિત્ત શુદ્ધિ,શ્રદ્ધાનો ગુણ અવશ્ય હોવો જોઈએ તો જ તે સાર્થક થાય. મોક્ષ મેળવવાને પાત્ર ઠરે. શ્રીમદ ભાગવત ના સ્કંધો ભગવાનના અંગો છે જ્યારે દશમ સ્કંધ પ્રભુનું હૃદય છે તેથી તેનો મહિમા સર્વાધિક છે.



## દ.ભારતના સંન્યાસીની સુરતમાં ભાગવત કથા

પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજ અને શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીને ભાગવત કથા માટે આજે પણ લોકો યાદ કરે છે.ડોંગરેજીને તો કળિયુગના શુક્દેવજી ની ઉપમા મળી છે. કથાકારો ઉપરાંત સંન્યાસીઓ જ્યારે કથા કરે ત્યારે ભક્તિ જ્ઞાન માં ગહનતા આવે કેમકે મન ,વાણી ,કર્મથી આસક્તિ છોડી દે તે સાચો સંન્યાસી કહેવાય .તેમનો ઉદ્દેશ્ય આત્મજ્ઞાન ,ઈશ્વરની આરાધના અને લોક કલ્યાણનો હોય છે. યોગાનુયોગ આ વર્ષે અધિક જેઠ માસમાં દક્ષિણ ભારતના શ્રી દત્ત વિજયાનંદ તીર્થ સ્વામીજી સુરતમાં શ્રીમદ ભાગવત ની કથા માટે પધારી રહ્યા છે તેમનો ટૂંકો પરિચય- વેદ અને શાસ્ત્રોના પ્રખર વિદ્વાન શ્રી દત્ત વિજયાનંદ તીર્થ સ્વામીજી દત્ત ભક્તોમાં બાલા સ્વામીજીના નામે ઓળખાય છે. તેમની દિવ્ય પ્રતિભા ને પારખી મૈસુર દત્ત પીઠમના અધિષ્ઠાતા શ્રી ગણપતિ સચ્ચિદાનંદ સ્વામીજીએ વર્ષ 2004 માં બાલા સ્વામીજીને સંન્યાસ દીક્ષા આપી અને શ્રી દત્ત વિજયાનંદ તીર્થ નામાભિધાન કર્યું ગુરુ ગણપતિજીની પ્રેરણાથી દરેક યતિ ની જેમ શ્રી દત્ત વિજયાનંદ તીર્થ દર વર્ષે પવિત્ર ચાતુર્માસ દીક્ષા અંગીકાર કરી વિશ્વ શાંતિ માટે જપ ,તપ સાધના કરે છે. શાસ્ત્ર મતે જો કોઈ યતિ નિષ્ઠા ખંત થી એક વર્ષ પણ ચાતુર્માસ દીક્ષા વ્રત વિધિ વિધાન અને કઠોર શિસ્તથી કરે તો તે દિવ્ય વિભૂતિ માનવામાં આવે છે. શ્રી દત્ત વિજયાનંદ તીર્થ સ્વામીએ અત્યાર સુધીમાં 22 ચાતુર્માસ વ્રત પૂર્ણ કર્યા છે આ વર્ષે તેમનું 23 મુ ચાતુર્માસ વ્રત હશે. દિવ્ય જ્ઞાનના પંથે ચાલનારા શ્રી સ્વામીજી જ્ઞાન ,બોધ ,સત્સંગ નિત્ય નિયમથી કરે છે. તેમને પ્રાપ્ત આધ્યાત્મિક દિવ્ય જ્ઞાન સરળ ભાષામાં સત્સંગ પ્રવચનમાં આપે છે સ્વામીજીએ આજ સુધી શ્રી વાલ્મિકી રામાયણ ,શ્રીમદ ભગવદ ગીતા, શ્રીમદ ભાગવત, શ્રી લલિતાસહસ્ત્રનામ સ્તોત્ર, શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ સ્તોત્ર, શ્રી સુબ્રહણ્યમ ચરિત્ર, ગુરુ શ્રી ગણપતિ સચ્ચિદાનંદ ચરિત્ર, શ્રી વિષ્ણુ પુરાણ, માર્કંડેય પુરાણ, વરાહ પુરાણ, બ્રહ્માંડ પુરાણ પર ભક્તો માટે ભક્તિ જ્ઞાન બોધ ની વાકધારા વહાવતા આવ્યા છે. જેના પગલે ભક્તોમાં ભક્તિ વધવા સાથે માનવ ધર્મ નિભાવવાની સમજ વિકસિત થઈ છે જે ભક્તોને જવાબદાર માનવજીવન જીવવા તરફ દોરી જાય છે. સ્વામીજીની સૌથી ઉત્તમ વિશેષતા એ છે કે તેઓ જેટલા સરળ સહજ સ્વભાવના છે તેવી જ તેમની સરળ સહજ પ્રવચન શૈલી છે. ‘ઇદં ન મમ’.